

ગુરૂ પૂર્ણિમાં નિમિત્તે જમાલપુર જગન્નાથ મંદિરમાં મહંતના દર્શન કરવા માટે નાગરિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પૂજ્ય મહંતે નાગરિકોને ગુરૂપૂર્ણિમ નિમિત્તે શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા મંદિરનો પ્રસાદ આપ્યો હતો... આ પ્રસંગે પૂજ્ય મહંતના આશીર્વાદ મેળવી નાગરિકો ધન્યતા અનુભવતા હતા.

# મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનું આયોજન કરાયું

**‘મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ-૨૦૨૩’ને સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો**

ગાંધીનગર, તા.૩

ગુજરાતના ભવ્ય અને ભાતીગળ હસ્તકલા વારસાને જીવંત રાખવામાં મહિલા હસ્ત કળા કારીગરોનું શ્રેષ્ઠ યોગદાન છે તેમ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા એ ગાંધીનગર ખાતે મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું.

ગુજરાતના ભવ્ય અને ભાતીગળ મહિલા હસ્તકલા વારસાને જીવંત રાખનાર કારીગરો દ્વારા નિર્મિત રોજબરોજ વપરાશની ચીજ વસ્તુઓ તેમજ ઘર સુશોભનની ઉત્કૃષ્ટ કલાકૃતિઓ નિહાળવા , ખરિદવા તેમજ મહિલા કારિગરોને રોજગારી માટે પ્રોત્સાહન પુરું પાડવાના ઉમદા આશયથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. દ્વારા સેક્ટર-૭,ગાંધીનગર ખાતે મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યુ છે. મહિલાઓ માટે રોજગારીને પ્રોત્સાહન પુરુ પાડતા ‘મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ-૨૦૨૩’ને મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ ,શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શ્રીમતી ભાનુબેને આ મેળામાં સહભાગી થનારી બહેનોની કળા કારીગીરી રસ પૂર્વક નિહાળી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું..ઉપરાંત તેમણે મહિલાઓ સાથે વાતચીત કરીને આવા ક્રાફ્ટ મેળાઓ અંગે તેમના પ્રતિભાવ પણ મેળવ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર ૭ નાં કોમ્યુનિટી હૉલ ખાતે યોજાયેલા મહિલા આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટિવલ-૨૦૨૩માં ૬૪ મહિલા કારીગરોએ ભાગ લીધો છે. આ મેળો ૧૦ મી જુલાઈ સુધી ચાલુ રહેશે. આ ૮ દિવસના પ્રદર્શન સહ વેચાણમાં લોકો જોડાય અને હસ્તકલા કારીગર મહિલાઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ચીજવસ્તુઓની ખરીદી કરવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. તથા ગાંધીનગરના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા દ્વારા અનુરોધ કરાયો છે.

આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે પણ મહિલા હસ્ત કળા કારીગરોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે મેનેજીંગ ડીરેક્ટર ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ડો.હસરત જાસ્મીન, શ્રી કે.કે.નિરાલા સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.



# ગુરુપરંપરાને કારણે જ ગહન શાસ્ત્રોનું જ્ઞાન આપણા સુધી પહોંચ્યું છે : પૂજ્ય ગુરુમા

**કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, મહાનગરપાલિકાના કોર્પોરેટર્સ અને અગ્રણી નાગરિકો તથા વિશાળ સંખ્યામાં સાધક સમુદાયે પૂજ્ય ગુરુમાના આશીર્વાદ મેળવ્યા**



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં સમદર્શન આશ્રમમાં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીની નિશ્રામાં ગુરુપૂર્ણિમાના પાવન પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી થઈ હતી. ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર્સ, જાણીતા લેખક-સાહિત્યકાર શ્રી વી.એસ. ગઢવી, વરિષ્ઠ સનદી અધિકારીઓ, ગાંધીનગરના અગ્રણી નાગરિકો, અને પૂજ્ય ગુરુમાના ભક્તજનો તથા સાધકગણે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને પૂજ્ય ગુરુમાના આશીર્વાદ મેળવ્યા હતા.

ગાંધીનગરમાં પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સત્સંગના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે, એ નિમિત્તે સમદર્શન આશ્રમમાં વર્ષભર ’કૃપાપર્વ’ની ઉજવણી થઈ રહી છે. આ અવસરે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી ખૂબ ધામધૂમથી થઈ હતી. ગુરુપૂર્ણિમાના ઉત્સવની ઉજવણીનો આરંભ પૂજ્ય ગુરુમા દ્વારા તેમના ગુરુજીના પાદુકા પૂજનથી થયો હતો. ગુરુ પરંપરા પૂજનને ભાવિક-ભક્તોએ ભાવપૂર્વક માણ્યું હતું. મુખ્ય યજમાન અને સમદર્શન આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ અધ્વર્યુ ,શ્રીમતી સંગીતાબેન અધ્વર્યુ અને પરિવાર સાથે અન્ય ભક્તજનોએ પૂજ્ય ગુરુમાનું પૂજન કર્યું હતું?. ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ પણ પૂજ્ય ગુરુમાના પૂજનમાં ભાવપૂર્વક જોડાયા હતા. પૂજ્ય ગુરુમાના સત્સંગમાંથી પસંદ કરાયેલા જીવન ઉપયોગી સુવાક્યો અને પૂજ્ય ગુરુમાની તસવીરોના સંકલનથી ગાંધીનગરના અગ્રણી બિલ્ડર કાવ્યરત્ન ગ્રુપના શ્રી સુરેશભાઈ પટેલના સહયોગથી સમદર્શન આશ્રમ દ્વારા આકર્ષક કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. ગુરુપૂર્ણિમાની ઉજવણીના આ અવસરે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે આ કેલેન્ડરનું વિમોચન કર્યું હતું.

# ઘ-૭ સર્કલે મહાકાળી માતાના મંદિરે ગુરુ પૂર્ણિમા ઉજવાઈ



ગાંધીનગર, તા.૩

આજે ગુરૂ પૂર્ણિમાના પાવન પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ઘ-૭ સર્કલ પર આવેલ શ્રી મહાકાલી માતાજી મંદિર ખાતે શ્રી અંબિકા આનંદ ગરબાના ગુરુ સંચાલક પરેશભાઈના સાંનિધ્યમાં ગુરુ પૂર્ણિમા આનંદ ઉત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું જેમાં સોપારી હવન, ગુરૂ પૂજન તથા સંગીતમય આનંદના ગરબા યોજાયા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉમટી આનંદ ગરબાની રમઝટ સાથે પુજન, અર્ચન, સ્તુતિ તથા દેવી પાઠ સહિત ભજન, દુહા છંદની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે મ્યુ.કાઉન્સિલર અંકિત બારોટે ઉપસ્થિત રહીને તેમની ગ્રાન્ટમાંથી મંડળને હાર્મોનિયમ, ઢોલક, ખંજરી તથા મંજીરાં જોડની કીટ ભેટ અર્પણ કરી હતી. આ પ્રસંગે નગરના અગ્રણી લોકસાહિત્યકાર, વિનોદ ઉદેચા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જીએસટી વળતર પેટે ૯,૦૨૧ કરોડની ચુકવણી

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કરતા મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ**

ગાંધીનગર, તા.૩

જીએસટી કાયદાના અમલીકરણ વખતે રાજ્યોને મળતી આવકમાં ઘટ સામે વળતર આપવાની જોગવાઈ કરવામાં આવેલ હતી.

આ માટે જીએસટી કમ્પેસેશન સેસ એકટની રચના કરાયેલ હતી.

આ એકટની જોગવાઈ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ ને બેઝ ઈયર ગણી તેમાં વાર્ષિક ૧૪% લેખે વૃધ્ધિને આધારે તા.૦૧-૦૭-૨૦૧૭થી તા.૩૦-૦૬-૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે રાજ્યોની પ્રોટેકટેડ આવક નક્કી કરવામાં આવેલ હતી.

આ સંદર્ભમાં ગુજરાત સરકારને મળવાપાત્ર જીએસટી વળતર પેટે ?૯૦૨૧ કરોડની રકમ કેન્દ્ર સરકારે ગુજરાતને આજે ફાળવી આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતને આ રકમ ફાળવવા અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# રાજ્યના ૨૦૮ જળાશયોમાં ૩૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં ૩ જૂલાઈએ સવારે ૮ કલાકની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં, પાણીના કુલ સંગ્રહ શક્તિના ૩૮.૬૧ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે તેમ, સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે. સરદાર સરોવર ડેમમાં ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જયારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે. રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું મુંજીયાસર, ધાતરવાડી, વાડિયા, સંક્રોલી, સુરજવાડી, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જુનાગઢનું ઉબેન, હસનપુર, મોટા ગુજેરીયા, રાજકોટનું મોજ, સોદવદર, કચ્છનું કંકાવટી, ગજાનસર, કાલાગોગા અને ડોન, જામગનરનું વઘાડીયા, સપાડા અને રૂપારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે તેમ, અહેવાલમાં જણાવાયું છે.આ સિવાય હાલમાં ઉતર ગુજરાતના કુલ ૧૫ જળાશયો ૪૮.૭૨ ટકા, મધ્યગુજરાતના ૧૭ જળાશયો ૩૦.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૫.૩૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૫૦.૯૫ ટકા, તેમજ સૌરાષ્ટ્રના કુલ-૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે. રાજ્યના દૈનિક ૫૦૦૦થી વધુ કયુસેક પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૪૩,૦૭૬ કયુસેક, દમણગંગામાં ૬,૭૮૨ અને હિરણ-૨માં ૫,૧૯૯ કયુસેક પાણીનો સમાવેશ થાય છે તેમ, ફ્લડ કન્ટ્રોલ સેલના અહેવાલમાં વધુમાં જણાવાયું છે.

# રાજ્યમાં પાંચ દિવસ વરસાદની આગાહી

**વિરામ બાદ ગુજરાતને ફરી ઘમરોળશે મેઘરાજા : રવિવારે મેંદરડામાં ૫, તાલાલામાં ૩, વંથલીમાં ૨, કેશોદ, માળિયા અને સુત્રાપાડામાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો**

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં અવિરત વરસાદ બાદ અમુક વિસ્તારોને બાદ કરતા રવિવારે મેઘરાજાએ વિરામ રાખ્યો હતો. જો કે, આજથી હવામાન વિભાગે આગામી ૫ દિવસ ફરીથી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ચોમાસું સક્રિય બની ગયું છે. દક્ષિણ-પશ્ચિમનો પવન જમીની સ્તરના નીચલા લેવલે ફૂંકાઈ રહ્યો છે. રવિવારે દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજાનું જોર નરમ પડ્યું હતું. જો કે, અમુક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. ૪ જુલાઈએ દમણ, દાદરા નગર હવેલી, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગરમાં હળવેથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. ૫ જુલાઈએ દમણ, દાદરા નગર હવેલી, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં હળવેથી મધ્યમ વરસાદ. ૬ જુલાઈએ દમણ, દાદરા નગર હવેલી, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથમાં હળવેથી મધ્યમ વરસાદ. ૭ જુલાઈએ ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ દરમિયાન વીજળીના કડાકા ભડાકા ૩૦-૪૦ કિમીની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. જણાવી દઈએ કે, શુક્રવાર અને શનિવારે પડેલા વરસાદ બાદ રવિવારે મેઘરાજાએ અમદાવાદમાં વિરામ રાખ્યો હતો. આખો દિવસ સૂર્ય ભગવાને દર્શન પણ આપ્યા અને ગરમીનો પારો પણ થોડો ઉચકાયો હતો. જો કે, સોમવારે સવારથી અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. જો કે, વચ્ચે વચ્ચે તડકો પણ નીકળી રહ્યો છે. સવારે નરોડાથી રિવરફ્રન્ટ સુધીના વિસ્તારમાં ઝરમરીયો વરસાદ પણ નોંધાયો હતો. આ દરમિયાન આજે અમદાવાદમાં હળવેથી મધ્યમ વરસાદની આગાહી હોવાથી આજે અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાઈ શકે છે. મળતી માહિતી અનુસાર રવિવારે મેંદરડામાં ૫, તાલાલામાં ૩, વંથલીમાં ૨, કેશોદ, માળિયા અને સુત્રાપાડામાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે દક્ષિણ ગુજરાતના વલસાડમાં ૪ ઈંચ જેટલો, સુરતના બારડોલીમાં ૧.૩૬ ઈંચ, વરસાદ પડ્યો હતો. જ્યારે ઉત્તર ગુજરાતમાં ઝાપટા પડ્યા હતા.

# ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે ડાકોર મંદિરે ભક્તોની મોટી સંખ્યામાં ભીડ ઉમટી



ખેડા, તા.૩

ડાકોરમાં ગુરુ પૂર્ણિમાંને લઈ ભક્તોની મોટી ભીડ જામી છે. પ્રસિદ્ધ રણછોડરાયજી મંદિરે દર્શન કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ડાકોરમાં વહેલી સવારથી જ ભક્તો ભગવાનના દર્શન કરવા માટે કતાર જમાવીને લાઈન લગાવી બેઠા હતા. ડાકોર મંદિરમાં સવારથી જ ભીડ જામી હતી અને મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ગુરુ પૂર્ણિમાને લઈ રાજ્યના મંદિરોમાં અને સંતોના આશ્રમમાં મોટી સંખ્યામાં ભીડ ભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા.

આવી જ રીતે ખેડાના ધાર્મિક સ્થાનો અને મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી.રાજાધિરાજ રણછોડરાયજીના દર્શન કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટીને ભગવાનના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. મંદિર પરિસરમાં ભક્તોએ જય રણછોડ માખણચોરના નાદ ભક્તોએ કર્યો હતો. ગુરુપૂર્ણિમાને લઈ ડાકોરમાં બિરાજમાન રણછોડરાયજીને વિશેષ શણગાર સજાવવામાં આવ્યો હતો.

રાજ્યમાં અંબાજી, શામળાજી, ડાકોર સહિતના મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી.

## મોબાઈલ એપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટનગર યોજના વિભાગ, વન વિભાગ કે અન્ય વિભાગને લગતી રજૂઆત હશે તો સંબંધિત વિભાગને પણ મ્યુનિ. દ્વારા રજૂઆત કરવામાં આવશે અને તેનું ફોલોઅપ લેવામાં આવશે. હાલ આ મોબાઈલ એપ માટે વિવિધ શાખાની કામગીરી, કર્મચારીના પ્રોફાઈલ અને અત્યાર સુધી આવેલી ફરિયાદોના ડેટા ભેગા થઈ રહ્યા છે. એપ તૈયાર થઈ ગયા બાદ દરેક કર્મચારીથી માંડીને ઉચ્ચ અધિકારી-પદાધિકારીના આઈડી તૈયાર કરવામાં આવશે. એક રીતે આ એપ મ્યુનિ. તંત્રમાં રીઅલ ટાઈમ અપડેટ અને સીધા સંવાદમાં મદદરૂપ બનશે.

## ઓલ ટાઈમ હાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાનિક શેરબજારમાં દરરોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. બીએસઈસેન્સેક્સે આજે પ્રથમ વખત ૬૫,૦૦૦નો આંકડો પાર કર્યો હતો અને દિવસના કારોબાર દરમિયાન ૬૫,૩૦૦.૩૫ની ટોચે પહોંચ્યો હતો. એ જ રીતે એનએસઈનિફ્ટી પણ ૧૯,૩૪૫.૧૦ પોઈન્ટની ટોચે પહોંચ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ,આઈટીસી , બજાજ ફાઈનાન્સ, એસબીઆઈ, એચડીએફસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, એનટીપીસી, એચડીએફસીબેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, આસીઆઈસીઆઈબેંક, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ, વિપ્રો અને ઈન્ડસઈન્ડ બેંક આજે બીએસઈ સેન્સેક્સ પર લીલા નિશાન પર બંધ થયા છે. પાવરગ્રીડ, સન ફાર્મા, મારુતિ, લાર્સન એન્ડ ટુબ્રો, ટીસીએસ, ટેક મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા, ટાટા મોટર્સ, એચસીએલ ટેક, એક્સિસ બેંક, ટાઈટન અને ભારતી એરટેલના શેર સેન્સેક્સ પર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

## ખળભળાટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમના નિવાસસ્થાને પહોંચવા માટે સુરક્ષા તપાસ એટલી કડક છે કે જો તેમના પરિવારના કોઈ સભ્ય પણ આવે છે તો તેમને પણ આ ચેકમાંથી પસાર થવું પડે છે. વડાપ્રધાન આવાસમાં કોઈપણ વ્યક્તિની એન્ટ્રી લેતા પહેલા સચિવો વતી મુલાકાત લેનારાઓની યાદી તૈયાર કરવામાં આવે છે. જે વ્યક્તિઓનું નામ યાદીમાં હશે તેઓ ત્યાં જ મળી શકશે. આ સાથે જે વ્યક્તિ વડાપ્રધાનને મળવા જઈ રહી છે તેની પાસે ઓળખ કાર્ડ હોવું જરૂરી છે. ભારતના વડા પ્રધાનનું સત્તાવાર નિવાસસ્થાન બંગલો નંબર ૭ છે, જે રાજધાની દિલ્હીના લ્યુટિયન ઝોનના લોક કલ્યાણ માર્ગ પર સ્થિત છે. વડા પ્રધાનના નિવાસસ્થાનનું સત્તાવાર નામ ’પંચવટી’ છે. તે ૫ બંગલાઓને જોડીને બનાવવામાં આવ્યો છે. ૭ લોક કલ્યાણ માર્ગ પર રહેતા પ્રથમ વડાપ્રધાન રાજીવ ગાંધી હતા. તેઓ ૧૯૮૪માં અહીં આવ્યા હતા.

## ગઠબંધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતા જણાવ્યું કે, જયંત પાટિલને પદ પરથી હટાવીને સુનિલ તટકરેને મહારાષ્ટ્રની જવાબદારી સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે આ નિર્ણય એનસીપીના કાર્યકારી અધ્યક્ષ તરીકે લીધો છે. જયંત પાટીલને પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે.

આ સાથે મહારાષ્ટ્રમાં અન્ય નિમણૂકોની જવાબદારી પણ તટકરેને સોંપવામાં આવી છે. તેઓ હવે સુનિલ તટકરેને મહિલા, યુવા વગેરે વિભાગોના વડાઓની જગ્યાઓ પર નિયુક્ત કરશે.

## માનવીય ભૂલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રક્રિયાઓનું પાલન કર્યું ન હતું. ખાસ કરીને ત્રણ વર્ષ પહેલાં જ્યારે સુરક્ષાની ચિંતાઓને કારણે ડિઝાઈનમાં ફેરફાર કરવામાં આવ્યા હતા, ત્યારે તેઓએ યોગ્ય પરીક્ષણ કર્યું ન હતું.

અધિકારીઓએ કહ્યું છે કે માત્ર સિગ્નલિંગ વિભાગના લોકોએ જ સલામતી ધોરણોની અવગણના કરી ન હતી પરંતુ અન્ય લોકોએ પણ તેના પર ધ્યાન આપ્યું નહોતું. રેલ્વે મંત્રાલય આ અધિકારીઓ સામે કાર્યવાહી કરે તેવી શક્યતા છે. એક અધિકારીએ જણાવ્યું કે પહેલા કેન્દ્રીય ટીમ ભૂલને પકડવામાં નિષ્ફળ રહી અને બાદમાં વાર્ષિક તપાસમાં પણ તેને પકડી શકાઈ નહીં. તેથી એમ કહી શકાય કે તે એક વ્યક્તિની ભૂલનું પરિણામ નથી, ઓછામાં ઓછા ૫ લોકોએ ભૂલ કરી છે.

અધિકારીએ કહ્યું કે રેલ્વે સીબીઆઈ તપાસમાં કોઈ પ્રભાવ કે દખલ ન થાય તેની ખાતરી કરવા માટે સીઆરએસ રિપોર્ટને સાર્વજનિક નહીં કરે. સીઆરએસરિપોર્ટના તારણો અને ત્યારબાદ ઝ્રૈં રિપોર્ટ ભારતીય રેલવેને તેની સુરક્ષા પ્રણાલીમાં સુધારો કરવામાં મદદ કરશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે રેલ્વે સ્ટીલ ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ ટેકનોલોજી અને સમગ્ર વિશ્વમાં ઉપયોગમાં લેવાતી રેલ્વે સુરક્ષા પ્રણાલીઓ પર વિચાર કરી રહી છે.

# રાજ્યમાં મોસમનો ૩૨ ટકા વરસાદ

**કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૪૪ ટકા અને સૌથી ઓછો વરસાદ પૂર્વ ગુજરાત ઝોનમાં ૨૦.૪૦ ટકા**

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ રાજ્યભરમાં શ્રીકાર વરસાદ વરસ્યો, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ગત ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. છેલ્લા કલાક દરમિયાન રાજ્યમાં સરેરાશ એક ઈંચથી પણ ઓછો એટલે કે માત્ર પાંચ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં સૌથી વધુ ૧૨૦ મિ.મી. એટલે કે આશરે ૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. રાજ્યના અન્ય ૩ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ અને ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના કુલ ૮૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ સવારે ૬.૦૦ કલાક પૂરા થતાં ગત ૨૪ કલાક દરમિયાન ગીર સોમનાથના તાલાલા તાલુકામાં ૮૭ મિ.મી., ભરૂચના વાલિયા તાલુકામાં ૬૫ મિ.મી., જૂનાગઢના માંગરોળ તાલુકામાં ૫૯ મિ.મી. કરતા વધુ વરસાદ નોંધાયો છે.

જ્યારે જૂનાગઢના કેશોદ, વંથલી અને વલસાડના કપરાડામાં ૪૧ મિ.મી., દાહોદ તાલુકામાં ૩૬ મિ.મી., માળિયા હાટીના તાલુકામાં ૩૫ મિ.મી., સુત્રાપાડા અને ડોલવણ તાલુકામાં ૩૪ મિ.મી., ધરમપુર તાલુકામાં ૩૩ મિ.મી., ગઢડા અને ડાંગ-આહવા તાલુકામાં ૩૦ મિ.મી., ગારીયાધાર અને ખાંભા તાલુકામાં ૨૮ મિ.મી., અને રાજુલા તાલુકામાં ૨૫ મિ.મી. એમ કુલ ૧૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યમાં કુલ મળી ૮૩ જેટલા તાલુકામાં નોંધપાત્ર વરસાદ થયો છે.

**In the Court of Addl. Principal Judge, Family Court, District Court Bhopal**

Presiding Officer - Smt. Shashikanta Vaishya
(आदेश 5 नियम 20 व्यवहार प्रक्रिया संहिता 1908 के अन्तर्गत प्रकाशन हेतु)
MJCR-245/2019
श्रीमति ज्योति अहिरे ....... आवेदिका
V/s
राजेन्द्र उर्फ अनिल अहिरे ..... अनावेदक
Process ID- /2023
पेशी दिनांक :- 16/08/2023

प्रेषिती
राजेन्द्र उर्फ अनिल अहिरे आत्मज श्री रविन्द्र अहिरे निवासी– 64/2 जे–टाईप सेक्टर 13 गांधी नगर गुजरात

यह कि आवेदिका ज्योति अहिरे ने आपके विरूद्ध धारा 125 द.प्र.स. के लिए वाद संस्थिति किया है, आपको इस न्यायालय में सूचना के प्रकाशन के 30 दिवस के भीतर वाद का उत्तर देने के लिये उपसंजात/हाजिर होने के लिये सम्मन किया जाता है, आप न्यायालय में स्वयं या किसी ऐसे प्लीडर (अधिवक्ता) द्वारा उपसंजात हो सकते है, जिसे सम्यक अनुदेश दिये गये हो और जो इस वाद में संबंधित सभी सारवान कथनों का उत्तर दे से। आपको यह निर्देश भी दिया जाता है कि उस दिन अपनी प्रतिरक्षा का लिखित कथन प्रस्तुत करें और उस दिन ऐसे सब दस्तावेज जो आपके कब्जे या शक्ति में है पेश करें जिन पर आपका प्रतिरक्षा या मूजराई का दावा या प्रतिवादी आधारित है, और यदि आप अन्य किसी दस्तावेज पर चाहे वह आपके कब्जे या शक्ति में हो अपनी प्रतिरक्षा या मुजरा के दावे या प्रतिदावे के समर्थन में साक्ष्य के रूप में निर्भर करते है तो ऐसी सभी दस्तावेज की लिखित कथन के साथ उपलब्ध की जाने वाली सूची में प्रविष्टि करें।

आपको सूचित किया जाता है कि यदि आप ऊपर बताई गई अवधि में इस न्यायालय में उपस्थित नहीं होगें तो वाद की एक पक्षीय सुनवाई कर उसका निपटारा आपकी अनुपस्थिति में क्रिया जायेगा। साथ ही यह भी सूचित किया जाता है कि यदि आप निराकरण मध्यस्थ के माध्यम से करने के इच्छुक है तो पीठासीन अधिकारी को अवगत करावें। यदि किसी कारणवश उक्त तिथि को न्यायालय अवकाश पर रहेगा तो आगामी कार्यदिवस पर यह प्रकरण सुनवाई में लिया जावेगा।

यह आज तारीख 01 जुलाई 2023 को मेरे हस्ताक्षर से और न्यायालय की मुद्रा लगा कर दिया गया है।

श्रीमती शशिकान्ता वैश्य
अति. प्रधान न्यायाधीश कुटुम्ब न्यायालय, भोपाल

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧